સંખ્યામેળ છંદ : પૂર્વ મનહર અને ઉત્તર મનહર

(ઉદય શાહ)

મનહર છંદ સંખ્યામેળ છંદોમાં સૌથી વધુ પ્રચલિત છંદ છે. ૩૧ અક્ષરના મનહર છંદમાં અંતે ગુરુ નિભાવવાનો હોય છે તથા આઠમા, સોળમા, ચોવીસમા અને એકત્રીસમા અક્ષરને અંતે યતિ નિભાવવાની હોય છે એટલે કે પંક્તિના અંત ઉપરાંત દર આઠમા અક્ષરે યતિ નિભાવવાની હોય છે. આ યતિ નિભાવવી અનિવાર્ય નથી. ૩૧ અક્ષરની એક પંક્તિ ખૂબ લાંબી થતી હોવાથી ૧૬ અને ૧૫ અક્ષરની બે પંક્તિમાં લખવામાં આવે છે. પરંતુ ૧૬+૧૫ અક્ષર મળીને ૩૧ અક્ષરની એક જ પંક્તિ ગણવામાં આવે છે. છેલ્લો એટલે કે ૩૧મો અક્ષર ગુરુ હોવો જોઈએ પરંતુ બાકીના ૩૦ અક્ષરોમાં લઘુ-ગુરુનો કોઈ ક્રમ નિશ્ચિત નથી. તેથી આ છંદમાં લય જાળવવા માટે લઘુ-ગુરુ દરેક અક્ષરનું સ્વર સહિત એક માત્રિક ઉચ્ચારણ જ કરવામાં આવે છે. કવિ દલપતરામે ‘દલપત પિંગળ’માં આપેલ મનહર છંદનું લક્ષણ અને એક રચના અહીં પ્રસ્તુત છે.

અક્ષર જો એકત્રીશ, ધારી ધારીને ધરીશ,
સીમાડે ગુરુ સજીસ, તે પદે તમામને;
આવે વર્ણ આઠ આઠ, પઠતાં પવિત્ર પાઠ,
કરાવી વિશ્રામ ઠાઠ, ઠીક ગણી ઠામને;
ગુરુ લઘુ ગણિતથી, નિયમ તે મધ્ય નથી,
શીખીને સજો સુખથી હૈયે રાખી હામને;
સારો છંદ સુખધામ, નકી મનહર નામ,
રચી દલપતરામ, કરો શુભ કામને.
- દલપતરામ

ઊંટ કહે આ સભામાં, વાંકાં અંગવાળાં ભુંડાં,
ભૂતળમાં પક્ષીઓ ને, પશુઓ અપાર છે;
બગલાની ડોક વાંકી, પોપટની ચાંચ વાંકી,
કુતરાની પૂંછડીનો, વાંકો વિસતાર છે;
વારણની સુંઢ વાંકી, વાઘના છે નખ વાકાં,
ભેંસને તો શિર વાંકાં, શિંગડાંનો ભાર છે;
સાંભળી શિયાળ બોલ્યો, દાખે દલપતરામ,
અન્યનું તો એક વાંકું, આપનાં અઢાર છે.
- દલપતરામ

મનહર છંદના અક્ષર સંખ્યા સિવાયના તમામ લક્ષણો એમના એમ રાખીને છંદના પહેલા ૧૬ અક્ષરનો પૂર્વાંગ અને છેલ્લા ૧૫ અક્ષરનો ઉત્તરાંગ એમ બે ભાગ કરીને અનુક્રમે પૂર્વ મનહર અને ઉત્તર મનહર નામ આપીને નવા બે છંદ આપની સમક્ષ પ્રસ્તુત કરું છું.

પૂર્વ મનહર :-

કુલ અક્ષર સંખ્યા ૧૬, છેલ્લો અક્ષર ગુરુ.
આઠમા અને સોળમા અક્ષરે યતિ, જે અનિવાર્ય નથી.

કુલ સોળ અક્ષરોમાં, અંતે ગુરુ લેવાય છે;
આઠ આઠ અક્ષરે જ્યાં, યતિઓ નિભાવાય છે;
પ્રાસાનુપ્રાસ પ્રયોજી, એને શણગારાય છે;
પૂર્વ મનહર નામે, સંખ્યામેળ એ થાય છે.
- ઉદય શાહ

ઉત્તર મનહર :-

કુલ અક્ષર સંખ્યા ૧૫, છેલ્લો અક્ષર ગુરુ.
આઠમા અને પંદરમા અક્ષરે યતિ, જે અનિવાર્ય નથી.

પંદર અક્ષરો કુલ, અંતે ગુરુ જાય છે;
આઠ સાત અક્ષરે જ્યાં, યતિ નિભાવાય છે;
પ્રાસાનુપ્રાસ પ્રયોજી, એને સજાવાય છે;
ઉત્તર મનહરનો, સંખ્યામેળ થાય છે.
- ઉદય શાહ

મનહર, પૂર્વ મનહર અને ઉત્તર મનહર છંદની રચનાના લયબદ્ધ પઠન માટે અષ્ટકલ લય પ્રયોજાય છે. મનહર અને ઉત્તર મનહર છંદમાં છેલ્લા અષ્ટકલમાં એક અક્ષર ખંડિત થતો હોવાથી મળતા વિશ્રામને કારણે પૂર્વ મનહરના પ્રમાણમાં મનહર અને ઉત્તર મનહર છંદની રચનાનું લયબદ્ધ પઠન વધુ મનોહર લાગે છે.

ગઝલના છંદો માત્રામેળ છંદો છે પરંતુ પ્રયોગ સ્વરૂપે મારી જૂની બે ગઝલોને અનુક્રમે પૂર્વ મનહર અને ઉત્તર મનહર છંદમાં ઢાળી છે જે અહીં પ્રસ્તુત કરું છું. નવોદિતોને આ છંદ કદાચ ઘણો માફક આવે એવું બને તથા નવોદિતો સંખ્યામેળ છંદોથી શરુ કરીને માત્રામેળ અને રૂપમેળ છંદો સુધીના છંદો પર પ્રભુત્વ મેળવે એવી આશા રાખું છું. “ગઝલમાં પંક્તિના અંતે આવતા લઘુને લઘુ-ગુરુની ગણતરીમાં ન લેતાં એ પહેલાંના ગુરુ સાથે સંયુક્ત રીતે જ

ઉચ્ચારવામાં આવે છે" એ નિયમ આ સંખ્યામેળ છંદોમાં ગઝલના સર્જનમાં લાગુ પાડી શકાશે નહીં.

ગઝલ : પૂર્વ મનહર

વરસો વીતી ગયા એની ચાહત નથી ગઈ;
જખમોને કુરેદવાની આદત નથી ગઈ.
મળતા રહ્યા છે તેઓ મિત્રો જેમ ગળે મળી;
અંતર મહી એ જૂની અદાવત નથી ગઈ.
આપ્યા કરે છે સલાહ પરંતુ મદદ નહીં;
મારા જ હિતેચ્છુઓની એ આદત નથી ગઈ.
જુલમ કરે જો કોઈ મુજ પર સહી લઉં;
ઈશ્વર કરે છે ન્યાય એ રાહત નથી ગઈ.
સંજોગવશ જરૂર ખામોશ થઈ ગયો છું;
એનાં જુલ્મોની મનથી બગાવત નથી ગઈ.
- ઉદય શાહ

ગઝલ : ઉત્તર મનહર

જીવવાને માટે કોઈ તો બહાનું જોઈએ;
સુખ નહીં પણ કોઈ દર્દ છાનું જોઈએ.
દાસતાં તમારી ભલે ગમે એવી લાંબી હો;
પણ મારા નામે એમાં એક પાનું જોઈએ.
કોણ જાણે કેમ મને આદત આ પડી છે;
સ્મરણ કરીને બસ જાગવાનું જોઈએ.
પાછો વાળી દીધો અને અપમાન યે કર્યું;
તોયે દિલ છે કે પાછું ત્યાં જવાનું જોઈએ.
કોઈ રીતે કોઈ એને છંછેડી ગયું હવે;
દૂર ઊભા શું થશે એ છાનુંમાનું જોઈએ.
દુઃખ મળે તો જીરવી જઈશ હું એકલો;
સુખ જો મળે તો પછી એ બધાનું જોઈએ.
ઠોકરો પર ઠોકરો ખાધી ઘણી રસ્તામાં;
તોયે એ જ રસ્તે મને ચાલવાનું જોઈએ.

અંતે જ્યાં હું અટકીશ મંઝિલ છે મારી એ;
ત્યાં સુધી તો બસ મને ચાલવાનું જોઈએ.
- ઉદય શાહ

આ જ રીતે ૩૨ અક્ષરના ઘનાક્ષરી છંદના અક્ષર સંખ્યા સિવાયના નિયમો જાળવીને ૧૬ અક્ષરનો અર્ધ ઘનાક્ષરી નામે પણ નવો સંખ્યામેળ છંદ પ્રયોજી શકાય.

Uday Shah
Dadatattu (Sai) Street, Navsari – 396445, Gujarat – India.
(M) +919428882632
: Websites :
www.udayshahghazal.com
www.sites.google.com/site/udayshahghazal
www.sites.google.com/site/udayshahghazals
www.sites.google.com/site/udayshahxyz